# જો ભૂકંપ લાંબો અથવા શક્તિશાળી હોય તો

## ભાગી જાઓ

તાત્કાલિક નજીકમાં આવેલી ઊંચાણ ધરાવતી કોઇ પણ જમીન/ ઊંચા સ્થળ પર અથવા શક્ય બને તેટલા દરિયાકાંઠાથી દૂરના સ્થળે જતા રહો. સુનામી અંગેની સત્તાવાર ચેતવણીની રાહ ન જુઓ.



Gujarati

CIVIL DEFENCE

WWW.CIVILDEFENCE.GOVT.NZ

# જો ભૂકંપ

## લાંબો અથવા શક્તિશાળી હોય તો: ભાગી જાઓ

તાત્કાલિક નજીકમાં આવેલી ઊંચાણ ધરાવતી કોઇ પણ જમીન/ઊંચા સ્થળ પર અથવા શક્ય બને તેટલા દરિયાકાંઠાથી દૂરના સ્થળે જતા રહો. સુનામી અંગેની સત્તાવાર ચેતવણીની રાહ ન જુઓ.

આપણા સમગ્ર દરિયાકાંઠા સુનામીનું જોખમ ધરાવે છે. તાત્કાલિક ધોરણે લેવાના યોગ્ય પગલાં જાણી લેવાથી ઈજાને ટાળી શકાય છે અને જીવન બચાવી શકાય છે.

જો તમે દરિયાકાંઠાથી નજીક હો અને તમને લાગે કે ભૂકંપ લાંબો અથવા શક્તિશાળી છે તો ત્યાંથી ભાગી જાઓ.

જો ભૂકંપ એક મિનિટથી વધુ સમય સુધી રહે અથવા ઊભા રહેવાનું મુશ્કેલ બનાવે તો તે સુનામી અંગેની સ્પષ્ટ ચેતવણી છે.

જો તમે દરિયાકાંઠાથી નજીક હો તો સત્તાવાર ચેતવણીની રાહ જોશો નહીં. નજીકમાં રહેલી ઊંચાણ ધરાવતી કોઇ પણ જમીન પર અથવા શક્ય બને તેટલી દરિયાકાંઠાથી દૂર જમીન પર જતા રહો. ત્યાં સુધી ચાલીને જાઓ અથવા જો શક્ય હોય તો બાઇક ચલાવીને જતા રહો. જ્યાં સુધી સ્થિતિ પૂરેપૂરી સુધરે નહીં ત્યાં સુધી ત્યાં જ રહો.

આજે જ યોજના બનાવો. તમને કોણ સહાય કરી શકે છે અને તમારી સહાયની કોને જરૂર પડી શકે છે એ શોધી કાઢો. તમારા સ્થાનિક સિવિલ ડિફેન્સ ઇમર્જન્સી મેનેજમેન્ટ ગ્રુપ તમારા પ્રદેશ માટે માહિતી ધરાવે છે.

**Civildefence.govt.nz**

CIVIL DEFENCE